# નોંધ

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ ઠરાવ ક્રમાંક : પીપીટીઆઈ-૧૦૨૦૦૯-૩૧૯-સ તા. ૩૦-૬-૨૦૦૯ અન્વયે રાજ્યમાં ૭ જિલ્લાઓમાં પ્રાઈવેટ/પબ્લીક પાર્ટનરશીપના ધોરણે (૧) અમરેલી (૨) જામનગર (૩) પોરબંદર (૪) સુરેન્દ્રનગર (૫) નવસારી (૬) મહેસાણા ખાતે અર્ધ સ્વનિર્ભર પ્રકારની ઈજનેરી કોલેજો તથા વેરાવળ ખાતે એક પોલિટેકનીક સંસ્થા શરૂ કરવામાં આવેલ છે. સદર પ્રાઈવેટ/પબ્લીક પાર્ટનીરશીપના ધોરણે શરૂ કરાયેલી સંસ્થાઓની ફી જસ્ટીસ આર. જે. શાહ (રિટાયર્ડ) ફી રેગ્યુલેટરી કમિટિ દ્વારા નક્કી કરવામાં આવશે. જે ઈજનેરી કોલેજો માટે આશરે રૂા. ૨૫,૦૦૦ (વાર્ષિક) તથા પોલિટેકનીક સંસ્થા માટે આશરે રૂા. ૧૫,૦૦૦ (વાર્ષિક) રહેશે. આવી સંસ્થાઓ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના તાબા હેઠળ એક વર્ષ માટે ચલાવવામાં આવશે, ત્યારબાદ આવી સંસ્થાઓ સંલગ્નિત પ્રાઈવેટ/પબ્લીક પાર્ટનરને સંચાલન માટે સુપ્રત કરવામાં આવશે. શૈક્ષણિક વર્ષ ૨૦૦૯-૧૦૧૦ માટે આવી સંસ્થાની તમામ બેઠકો પ્રવેશ સમિતિ દ્વારા ભરવામાં આવશે.